# ઠ રા વ

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે,તાઃ૪/૭/૨૦૧૮ ના રોજ કલાક ૧૨.૨૦ વાગે આરોપીએ પોતાના કબજાની ચાની લારી જાહેર રોડ જાહેરમાં આવતા જતા રાહદારીઓને તથા ટ્રાફિકને અડચણરૂપ ભયજનક રીતે ઉભી રાખી વેપાર ધંધો કરી, ઈ.પી.કો.ક. ૨૮૩ નો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે જે માધવપુરા પોલીસ સ્ટેશન તરફથી ચાર્જસીટ રજુ કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ હાજર થતાં આરોપીને ક્રિ.પ્રો.કો.ક. ૨૦૭ અન્વયે ધોરણસર ચાર્જસીટની તમામ નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. આંક–ર થી આરોપીની પ્લી નોંધતા આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે. જેથી મજકુર કામમાં ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફે ફરીયાદપક્ષ તરફે તપાસ કરનાર અમલદારશ્રી તેમની આંક–૩ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,તા.૪/૭/૧૮ ના રોજ હું પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો હતો તે દરમ્યાન પોલીસ સ્ટેશનના પ્રથમ બાતમી નંબરઃ૩૨૩૪/૧૮ ની તપાસ પી.એસ.ઓ. ધ્વારા મને સોંપવામાં આવેલી. જે અંગેની તપાસ કરી લાગતા વળગતા સાહેદોના નીવેદન લઈ તે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જસીટ કરેલું તેમ જણાવે છે જયારે ઉલટ તપાસમાં જણાવે છે કે, તે વાત ખરી છે કે આ કામે ફરીયાદી સિવાય બીજા કોઈ વ્યકિતનું નીવેદન મેં લીધેલ નથી. તે વાત ખરી છે કે બનાવ મેં નજરે જોયેલ નથી, તેથી હું કહી શકું નહીં કે આ લારી આરોપીએ જાતે બનાવના સ્થળે ઉભી રાખેલ. આ સાહેદે પોતાની જુબાની દરમ્યાન ફરીયાદીએ આપેલ ફરીયાદમાંની સહી ઓળખી બતાવી અને ફરીયાદ આંક.૪ થી રજુ રાખેલ છે.

(૪) આમ આ સાહેદ પોલીસ સાહેદ છે અને તેઓ રસ ધરાવનાર સાહેદ છે કોઈ સ્વતંત્ર સાહેદને તપાસવામાં આવેલ નથી. ફરીયાદીએ લારી આરોપીએ જ મુકેલ તેની ખાતરી કરેલ નથી કે કોની માલીકીની હતી તેની પણ ખાતરી કરેલ નથી તેમજ તપાસ કરનાર અમલદારે બનાવ નજરે જોયેલ નથી અને બનાવવાળા સ્થળે લારી આરોપીએ ઉભી રાખેલ તે તેઓ કહી શકે નહીં. તપાસ કરનાર અમલદારે સ્થળ ઉપર લારીનું પંચનામું કરેલ નથી. આમ ફરીયાદીએ સ્થળ ઉપરથી કબજે લીધેલ લારી આરોપીની માલીકીની હતી અને આરોપીએ જ બનાવવાળા સ્થળે ઉભી રાખેલ તેવી હકીકત ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબીત કરી શકેલ નથી. જેથી આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષ સાબીત કરવામાં સદંતર નીષ્ફળ ગયેલ હોઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

આરોપીને ક્રિ.પ્રો.કો.ક.૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો.ક.૨૮૩ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ આપેલ જામીન અપીલ પીરીયડ સુધી લંબાવવામાં આવે છે.

ચુકાદો આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૨૮/૮/૨૦૧૮

(એમ.વાય.રાધનપુરવાલા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨, અમદાવાદ
જી.જે.૦૦૭૩૪